


### ૧.૯૯ કરોડ પુરુષ, ૧.૮૧ કરોડ મહિલા મતદાર

# મતદારો મતદાન માટે ઉત્સુક બન્યા છે

## મતદાર યાદીમાં સુધારા બાદ મતદારોની સંખ્યા ૩.૮૦ કરોડ સુધી પહોંચી

અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટેનો તખ્તો તૈયાર થઈ ચૂક્યો છે. મળેલી માહિતી મુજબ આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં ૪૪૫૭૦ મતદાન મથકો પર આશરે ૧.૯૯ કરોડ પુરુષ મતદારો અને ૧.૮૧ કરોડ મહિલા મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. આગામી વિધાનસભાની ચૂંટણીમાં પુરુષો અને મહિલાઓને આકર્ષિત કરવાના તમામ પ્રયાસો હાલમાં ચાલી રહ્યા છે. મતદાર યાદીમાં સુધારા કરવામાં આવ્યા બાદ ઓગસ્ટ બાદથી મતદારોની સંખ્યા ૩.૭૮ કરોડથી વધીને ૩.૮૦ કરોડ થઈ ગઈ છે. આ મતદારોમાં ૧૮થી ૧૯ વર્ષની વયગ્રૂપમાં મતદારોની ટકાવારી ૧.૩૨ ટકાની આસપાસ છે. આ આંકડો ૨.૦૯ ટકા અથવા તો ૧૩.૨૨ લાખની આસપાસ થાય છે. મહિલા અને પુરુષ મતદારો બંનેની સંખ્યામાં ચોક્કસપણે વધારો થયો છે. રાજ્યમાં ૪૦ ટકા મતદાન મથકો સંવેદનશીલ હોવાની વાત મુખ્ય ચૂંટણી કમીશન કરી ચૂક્યા છે.

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે ૧.૯૯ કરોડ પુરુષ મતદારો અને ૧.૮૧ કરોડ મહિલા મતદારો મતાધિકારનો ઉપયોગ કરવા માટે સજ્જ બની ગયા છે. ૧૯૯૦માં પુરુષ મતદારોની સંખ્યા ૧૨૭૭૭૯૫૦ હતી જે વધીને ૨૦૧૨માં ૧૯૭૯૮૦૧૨ થઈ ગઈ છે. આમા ઉલ્લેખનીય વધારો થયો છે. આવી જ રી મહિલા મતદારોની સંખ્યામાં પણ વધારો થયો છે. મહિલા અને પુરુષ મતદારોના આંકડા ઉપર નજર કરવામાં આવે તો વર્ષ ૧૯૬૨માં પુરુષ મતદારોની સંખ્યા ૪૯૮૩૩૧૧ હતી જે વધીને ૨૦૧૨માં ૧૯૭૯૮૦૧૨ થઈ છે. પ્રતિ એક હજાર પુરુષમાં મહિલાઓની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૧૨માં પ્રતિ ૧૦૦૦ પુરુષમાં મહિલાઓની સંખ્યા ૯૧૦.૦૪ છે. જે દર્શાવે છે કે મહિલાઓની સંખ્યા પણ નોંધપાત્ર છે અને તેમની ભૂમિકા વિધાનસભાની ચૂંટણીમાં ચાવીરૂપ રહેશે. મતદાર યાદી સુધારા પ્રક્રિયા હાથ ધરવામાં આવ્યા બાદ નવા આંકડા સ્પષ્ટ થઈ ચૂક્યા છે. ચૂંટણી પંચ પણ વધુને વધુ મતદારો મતદાન કરવા માટે આગળ આવે તેવી ઈચ્છા વ્યક્ત કરતા મતદાન ઊંચું રહે તેવી શક્યતા છે.

| વર્ષ | પુરુષ મતદાર | મહિલા મતદાર | એક હજાર પુરુષમાં મહિલા |
|---|---|---|---|
| ૧૯૯૦ | ૧૨૭૭૭૯૫૦ | ૧૨૦૪૨૪૨૯ | ૯૪૨.૪૪ |
| ૧૯૯૫ | ૧૪૮૮૭૦૩૭ | ૧૪૧૩૪૧૪૭ | ૯૪૯.૪૩ |
| ૧૯૯૮ | ૧૪૭૭૭૯૦૬ | ૧૩૯૯૬૫૩૭ | ૯૪૭.૧૩ |
| ૨૦૦૨ | ૧૭૦૬૬૪૩૪ | ૧૬૧૭૧૭૬૨ | ૯૪૭.૫૮ |
| ૨૦૦૭ | ૧૮૮૭૬૧૯૯ | ૧૭૭૧૬૮૯૧ | ૯૩૫.૫૮ |
| ૨૦૧૨ | ૧૯૭૯૮૦૧૨ | ૧૮૦૧૭૧૨૫ | ૯૧૦.૦૪ |

# વિધાનસભાની આગામી ચૂંટણીમાં જ્ઞાતિવાદ જોર પકડી રહ્યો છે

## પોલીટીકલ પાર્ટીના ઉમેદવાર બનવું હોય તો પહેલાં પૈસા ખર્ચવાની તાકાત જોઈએ અને પછી જ્ઞાતિ ઉપરનું પ્રભુત્વ, પ્રામાણિકતાને કોઈ ગણતું નથી

ગાંધીનગર, તા.૩૦

ભારતની લોકશાહી પ્રક્રિયામાં જ્ઞાતિ આધારિત ચૂંટણીનું વર્ચસ્વ વધતું જાય છે. ઉત્તર પ્રદેશ હોય કે બિહાર, રાજસ્થાન હોય કે ગુજરાત પ્રત્યેર રાજ્યમાં વિધાનસભા કે લોકસભાની બેઠકમાં જે જ્ઞાતિના મતદારો વધારે હોય તેમને એમપી કે એમએલએ થવાના ચાન્સ વધી જાય છે. ટેલેન્ટ, સ્ટડી અને ઓનેસ્ટી તમારા પ્રોફાઈલમાં છેલ્લાક્રમે આવે છે. જ્ઞાતિના ક્રાઈટેરિયામાં ફીટ થયા પછી ચૂંટણી લડવા માટે રૂપિયા ખર્ચવાની તાકાત હોવી જોઈએ.

પહેલાના સમયમાં લોકપ્રિયતાના આધારે ચૂંટણી લડાતી હતી. ડો.જીવરાજ મહેતા કે બળવંતરાય મહેતા પાસે જ્ઞાતિનું કાર્ડ ન હતું, છતાં તેઓ મુખ્યમંત્રી બની શક્યા હતા, પરંતુ તેમને શાંતિથી શાસન કરવા મળ્યું ન હતું, કારણ કે જ્ઞાતિ ઉપર પ્રભુત્વ ધરાવતા રાજકીય નેતાઓએ સરકારમાં પગપેસારો કરી દીધો હતો.

ગુજરાતમાં કાસ્ટબેઝ ઈલેક્શન તો પહેલાંથી થતું આવ્યું છે પરંતુ છેલ્લી પાંચ ચૂંટણીમાં બન્ને મુખ્ય પાર્ટીમાં જ્ઞાતિવાદનું જોર ઝેરની જેમ પ્રસરી ચૂક્યું છે, પરિણામે આજે કોળી સમાજ ઉપર પ્રભુત્વ ધરાવતા પુરુષોત્તમ સોલંકી જેવા નેતાને પાર્ટીમાં વધારે મહત્વ આપવું પડે છે. તેઓ બીજે ક્યાંય છટકી ન જાય તેની તકેદારી રાખવી પડે છે.

એક ભારતીય કે એક ગુજરાતી વ્યક્તિ તરીકે ઉમેદવારી કરવી તે સ્વપ્ન બનીને રહી ગયું છે. ગુજરાતમાં ૨૦૧૨ની સ્થિતિએ જોઈએ તો ૩.૮૦ કરોડ મતદારો પૈકી ૩૩ લાખ એસસી, ૩૨ લાખ એસટી, ૩૮ લાખ મુસ્લિમ ઉમેદવારો છે.

ઓબીસી કેટેગરીમાં આવતા ઠાકોર મતદારોની સંખ્યા ૨૮ લાખ, કોળીની સંખ્યા ૫૦ લાખ, રબારીની સંખ્યા ૧૩ લાખ, ચૌધરીની સંખ્યા ૬ લાખ અને અન્ય ઓબીસની સંખ્યા ૪૮ લાખ થવા જાય છે.

ગુજરાતમાં જનરલ મતદારોમાં પટેલ જ્ઞાતિનું વર્ચસ્વ જોવા મળે છે. રાજ્યમાં ૩૨ લાખ લેઉઆ અને ૨૪ લાખ કડવા પટેલ છે. ૧૫ લાખ ક્રિશ્ચિયન છે. ૧૨ લાખ બ્રાહ્મણો છે. ૧૦ લાખ જૈન છે. ૨૫ લાખ ક્ષત્રિય છે અને અન્ય જનરલની સંખ્યા ૩૬ લાખ થવા જાય છે.

રાજ્યમાં સૌથી વધુ મતદારો અને વસતી બક્ષીપંચની ગણવામાં આવે છે, તે પછી પટેલ પાવર આવે છે. મુસ્લિમ વિસ્તારો કે જ્યાં મતદારો નિર્ણાયક બને છે તેવી બેઠકોની સંખ્યા ૧૬ની આસપાસ છે. બાકી તો એસટી, એસસી અનામત બેઠકો ફાળવવામાં આવેલી છે.

ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ચાલી રહી છે. ઉમેદવારોના બાયોડેટા મંગાવવામાં આવ્યા છે. ભાજપમાં એક બેઠકમાં સરેરાશ ૨૫ દાવેદારો ગણીએ તો પણ સંખ્યા ૪૫૫૦ થવા જાય છે. કોંગ્રેસમાં તેનાથી થોડી ઓછી ગણીએ તો ૧૮૨ બેઠકોમાં કોંગ્રેસ પાસે ૩૦૦૦ કરતાં વધારે દાવેદારો છે.

બાયોડેટા આપવાની ફેશનમાં ફ્રેશ ઉમેદવાર તેની પ્રામાણિકતા, નિષ્ઠા, અભ્યાસ અને જીતી શકવાની ક્ષમતા ધરાવતા પરિબળો દર્શાવે છે, પરંતુ અજ્ઞાત બાબત છે તે રૂપિયા ખર્ચવાની શક્તિ કે જ્ઞાતિમાં તેનું વર્ચસ્વ બતાવી શકતો નથી. પોલીટીકલ પાર્ટીઓ પાસે અસંખ્ય બાયોડેટા આવે છે અને તેની સ્ક્રૂટીની કરવાનું કામ પેચીદું બની જાય છે. અંતે પાર્ટી પ્રદેશ હાઈકમાન્ડ આખરી ચર્ચા માટે બે કે ત્રણ નામની પેનલ મંગાવે છે જે દિલ્હી મોકલવાની હોય છે. આ પેનલમાં રૂપિયા ખર્ચવાની શક્તિ પહેલું પ્રમાણ અને જ્ઞાતિમાં પ્રભુત્વ બીજું પ્રમાણ જોવા મળે છે. અપવાદરૂપ કિસ્સામાં ૧૮૨ પૈકી માત્ર બે થી ત્રણ ઉમેદવારો પાસે આ બન્ને ડીગ્રી જોવા મળતી નથી.

સમાજમાં ઘણાં કાર્યો કર્યા હોય, સમાજ અને પ્રદેશમાં સ્વચ્છ પ્રતિભા હોય, અડધી જીંદગી પ્રામાણિકતામાં કાઢી હોય પણ ચૂંટણી લડવા માટેનું ફંડ ન હોય તો ઉમેદવાર બની શકાતું નથી. ગુજરાતમાં એવો એક પણ કિસ્સો નોંધાયો નથી કે કોઈ ઉમેદવારે ચૂંટણી લડવા માટે બેન્કમાંથી લોન લીધી હોય...કારણ કે આ તો જુગાર છે. ઘણીવાર આશ્ચર્યજનક જીત મળી જતી હોય છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીમાં ઘણીવાર એવું બન્યું છે.

જાતિ અને જ્ઞાતિના વાડામાં વહેંચાઈ ગયેલા રાજકારણને બહાર કાઢવાની કોઈ શક્તિ પેદા થઈ નથી. ભાજપમાંથી છૂટા પડીને ગુજરાત પરિવર્તન પાર્ટીની રચના કરનારા પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ પણ પટેલવાદને લઈને ઉભા થયા છે તેથી તેમને અન્ય જ્ઞાતિઓનું સમર્થન મળતું નથી. ૧૯૯૫માં ભાજપ પટેલોની પાર્ટી કહેવાતી હતી પણ હવે બક્ષીપંચની પાર્ટી કહેવાય છે, જ્યારે કોંગ્રેસ ગરીબો, મુસ્લિમો, ક્ષત્રિય અને પછાતોની પાર્ટી તરીકે હંમેશા ઉભરી રહી છે.

ભાજપ પાસે હવે કેસરિયો દમ રહ્યો નથી. સદભાવના મિશનના કારણે રામ મંદિરના નામે મતો મેળવી શકાય તેમ નથી. હિન્દુત્વની લેબોરેટરીનો ધ્વંશ થયો છે. હિન્દુત્વવાદી ઘણાં નિર્ણયો લેવા છતાં કોંગ્રેસ હજી મુસ્લિમ સમર્થકની છાપ ભૂંસી શકી નથી. ઉમેદવારોની પસંદગીમાં જ્ઞાતિવાદનું જોર ઉપસી આવે તો નવાઈ પામવા જેવું નથી.

### મોદીની લેઉવા પટેલ સમુદાય પર નજર

# ૪૦ બેઠકો પર લેઉવા પટેલની ચાવીરૂપ ભૂમિકા રહેવાની વકી

## કેશુભાઈ પટેલ લેઉવા પટેલમાં ખૂબ જ લોકપ્રિય હોવાથી મોદી સામે નવી સમસ્યા : ગુરુવારની બેઠકમાં ચર્ચા થશે

અમદાવાદ, તા.૩૦

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વિધાનસભાની ચૂંટણીને લઈને આ વખતે વધુ ગુંચવણભરી સ્થિતિમાં દેખાઈ રહ્યા છે. કારણ કે ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ આ વખતે ભાજપના મતમાં ગાબડાં પાડવાની તૈયારીમાં છે. કેશુભાઈ પટેલ સાથે મોટી સંખ્યામાં લેઉવા પટેલ જોડાયેલા રહ્યા છે જેથી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પણ હવે લેઉવા પટેલોને તેમની તરફ વધુ આકર્ષિત કરવા માટે નવી યોજનામાં છે.

કેશુભાઈ પટેલ વર્ષોથી લેઉવા પટેલમાં ખૂબ જ જાણીતા રહ્યા છે. ભાજપ સંસદીય બોર્ડની મિટીંગ ગુરુવારના દિવસે મળનાર છે જેમાં રાજકીય રીતે સંવેદનશીલ ગણાતા સમુદાય લેઉવા પટેલને પ્રભાવિત કરવા અને તેમને પોતાની તરફ ખેંચવાની વ્યૂહરચના તરફ ચર્ચા કરવામાં આવશે.

લેઉવા પટેલ સમુદાયના લોકો ૧૮૨ વિધાનસભાની બેઠકો પૈકી આશરે ૪૦ જેટલી બેઠકો ઉપર વર્ચસ્વ ધરાવે છે. લેઉવા પટેલ આ ૪૦ બેઠકો ઉપર ૨૦થી ૫૦ ટકા વચ્ચે વર્ચસ્વ ધરાવે છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ મુજબની ગણતરી આંકડા સાથે કરવામાં આવી છે. મોટાભાગના મત વિસ્તારોમાં સૌરાષ્ટ્રમાં મુખ્યરીતે છે. મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં પણ મોટી સંખ્યામાં પટેલ સમર્થકો રહેલા છે. મોદીએ મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદથી કેશુભાઈ પટેલને મુખ્ય રીતે બાજુમાં કરી દેવામાં આવ્યા હતા. ભાજપ પટેલ સમુદાય સાથે હમેશા જોડાયેલો રહેલો છે. ભાજપના પ્રવક્તમાન સમુદાયીક નેતાઓ કેશુભાઈ પટેલના પ્રભુત્વને ઘટાડવા સક્ષમ દેખાઈ રહ્યા નથી. દિલીપ સંઘાણી અને આરસી ફળદુ કેશુભાઈ પટેલના વર્ચસ્વ સામે નબળા પડી રહ્યા છે. નરેન્દ્ર મોદી હવે ખોડલ ગામના ઉદ્ઘાટન દરમિયાન મોટી સંખ્યામાં લોકોને એકત્રિત કરનાર સામુદાયિક નેતા નરેશ પટેલને આકર્ષિત કરવાના પ્રયાસમાં છે.

આર્થિક રીતે ખૂપબ જ શક્તિશાળી આ સમુદાય ઉપર પટેલ લોકોની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. આ વખતે મોદી સામે ઘણા પડકારો રહેલા છે. મોદી અન્ય એક લેઉવા પટેલના શક્તિશાળી નેતા અને કોંગ્રેસના નેતા વિઠ્ઠલ રાદડિયાને પણ તેમની તરફ ખેંચવાના પ્રયાસમાં છે. ભારતીય કિશાન સંઘમાં પણ પટેલોની સંખ્યા ખૂબ જ મોટી છે. આ લોકો મોદી સામે વિરોધ કરી રહ્યા છે. વિહપ નેતા પ્રવીણ તોગડિયા પણ લેઉવા પટેલ છે. આ તમામ બાબતો મોદી સામે સમસ્યા ઊભી કરી રહી છે.

### પટેલ સમુદાય પાવર...

| બેઠક | કુલ | લેઉવા પટેલ | ટકાવારી |
|---|---|---|---|
| વિસાવદર | ૨૨૧૮૫૬ | ૧૦૨૦૫૩ | ૪૬ |
| વરાછા | ૧૮૦૮૦૩ | ૭૬૬૦૦ | ૪૨ |
| કારંજ | ૧૪૫૦૨૯ | ૫૭૦૪૦ | ૩૯ |
| ગોંડલ | ૧૯૦૯૫૯ | ૭૦૨૪૦ | ૩૭ |
| કાલાવાડ | ૧૯૩૪૫૪ | ૭૨૦૦૦ | ૩૭ |
| જેતપુર | ૨૨૭૯૨૦ | ૭૪૫૧૨ | ૩૩ |
| સાંવલકુંડલા | ૨૨૧૦૪૪ | ૬૧૪૦૨ | ૨૯ |
| અમરેલી | ૨૪૭૧૬૧ | ૭૦૫૪૭ | ૨૮ |
| ધારી | ૧૯૨૭૩૧ | ૫૨૨૭૪ | ૨૭ |
| ગરિયાધર | ૧૮૨૯૩૬ | ૪૫૦૦૦ | ૨૫ |
| લાઠી | ૧૮૩૨૩૮ | ૪૦૩૩૦ | ૨૨ |
| ધોળાજી | ૨૨૮૪૧૩ | ૪૮૭૨૬ | ૨૧ |

# ખૂબ વધુ લેઉવા પટેલ વસ્તીવાળી અન્ય સીટ

અમદાવાદ,તા.૩૦

લેઉવા પટેલની વસ્તી ધરાવતી અન્ય કેટલીક સીટો ઉપર પણ તમામની નજર રહેશે. લેઉવા પટેલની જ્યાં ઉલ્લેખનીય વસ્તી છે તેવી અન્ય બેઠકોની વાત કરવામાં આવે તો તેમાં ટંકારા, રાજકોટ પૂર્વ, રાજકોટ પશ્ચિમ, જસદણ, જૂનાગઢ, કેસોદ, તલાલા, મહુવા, તળાજા, પાલિતાણા, ગઢડા, બોટાદ, ખંભાત, બોરસદ, અંકલાવ, ઉમરેઠ, આણંદ, પેટલાદ, સોજિત્રા, નડિયાદ, નરોડા, બાપુનગર, નારણપુરા, લુણાવાડા, કરજણ, ધબોઈનો સમાવેશ થાય છે.

### ૩૧મીએ જીપીપી બોર્ડની બેઠક

# ઓપિનીયન પોલ પર પ્રતિબંધની માગ થઈ

અમદાવાદ,તા.૩૦

ગુજરાત પરિવર્તન પાર્ટી અને અન્ય કેટલીક પાર્ટીઓએ ચૂંટણી પહેલાના ઓપિનીયન પોલ ઉપર પ્રતિબંધ મૂકવાની માંગણી કરી છે. ચૂંટણી પંચને આ મુજબની રજૂઆત કરવામાં આવી છે. વારંવાર આવા પોલના કારણે મતદારો ઉપર વર્ચસ્વ જમાવવાના પ્રયાસ થઈ શકે છે. ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉપપ્રમુખ ગોરધન ઝડફિયાએ કહ્યું છે કે ૫૦૦ જેટલા મતદારોને આવરી લઈને આ ઓપિનીયન પોલ કરવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે તેમની પાર્ટી ૧૮૨ વિધાનસભાની બેઠક પર ચૂંટણી લડનાર છે. તેમણે એ પણ કહ્યું છે કે ગુજરાત પરિવર્તન પાર્ટીની સંસદીય બેઠક ૩૧ ઓક્ટોબરના દિવસે મળશે જેમાં પરિસ્થિતિની સમીક્ષા કરાશે તથા નામોને આખરી ઓપ અપાશે.

# ચૂંટણી જીતી ગયા બાદ મોદીની દાવેદારી વધુ મજબૂત

## પોતાની તાકાત ઉપર ગુજરાતમાં હેટ્રીક કરવામાં સફળ રહે તો વડાપ્રધાનપદ માટે સૌથી પ્રબળ દાવેદાર

નવી દિલ્હી,તા.૩૦

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વર્ષ ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં વડાપ્રધાનપદની દાવેદારી માટે વધુ એક સમર્થન મળી ગયુ છે. આ વખતે મોદીનું સમર્થન કરનારમાં ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન અને બિહાર ભાજપના વડા સીપી ઠાકુર છે. મોદી પીએમ પદ માટે પ્રબળ દાવેદાર છે તેવી રજુઆત કરતા તેમણે કહ્યુ છે કે જો મોદી ગુજરાત ચૂંટણીમાં જીતવામાં સફળ થાય છે તો તેઓ ચોક્કસપણે સૌથી પ્રબળ દાવેદાર થશે.

મોદીની પ્રશંસા કરતા તેમણે કહ્યુ હતુ કે જો મોદી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં હેટ્રીક કરવામાં સફળ રહે છે તો તેમની દાવેદારી વધી જશે. મોદીની દાવેદારીને લઈને તેમણે કહ્યુ હતુ કે મિડિયા હંમેશા મોદીની સામે નકારાત્મક ભૂમિકા અદા કરે છે. તેમ છતાં પણ જો મોદી જીતે છે તો તેમની કુશળતાની સાબિતી મળશે. સીપી ઠાકુરના આ નિવેદન બાદ ભાજપમાં વડાપ્રધાનપદના મામલે સ્પર્ધા વધુ તીવ્ર બની ગઈ છે. ભાજપે આ વિવાદ પર શાંતિ જાળવી રાખવાના હાલમાં પ્રયાસ કર્યા છે. થોડાક દિવસ પહેલા જ ભાજપના રાજયસભાના સાંસદ અને દેશના ટોચના વકીલ રામજેઠમલાણીએ કહ્યુ હતુ કે નરેન્દ્ર મોદીનો તેઓ વડાપ્રધાનપદ માટે સૌથી પ્રબળ દાવેદાર ગણે છે.

# અણ્ણા હજારે, જનરલ વી.કે. સિંહ અને કેજરીવાલ ‘વિશફુલ થિંકિંગ’ના કાગળના ઘોડા દોડાવે છે !

પોતાને હિન્દુસ્તાનના તારણહાર માની બેઠેલા વિશિષ્ટ નાગરિકોમાં ચાર નામ ઊડીને આંખે વળગે એવાં છે : અણ્ણા હજારે, બાબા રામદેવ, અરવિંદ કેજરીવાલ અને નિવૃત્ત લશ્કરી વડા વી.કે. સિંહ. આ યાદીમાં કિરણ બેદી જેવાં બીજા કેટલાંક નામ પણ ઉમેરી શકાય. અણ્ણા હજારે ચુમોત્તેર વર્ષના બુઝર્ગ લોકસેવક છે. એમના ગામ ‘રાણેગણ સિધ્ધિ’ ને એક આદર્શ ગામમાં રૂપાંતરિત કરીને આ લોકસેવકે ભારતમાં ગાંધીનાં સ્વપ્નનું ગામડું કેવું હોઈ શકે, એનું અનુકરણીય ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. અણ્ણા હજારેની લગોલગ જેમનું નામ બોલાવું રહે છે એવા રામદેવ આમ તો આર્ય સમાજી સાધુ છે પરંતુ એમણે સંન્યાસ કરતાં યોગ અને આયુર્વેદની લોકોપયોગી સંસ્થાના સંવાહક તરીકે નામ પણ કાઢ્યું છે અને અને બેશુમાર બદનામી પણ વહોરી છે. અરવિંદ કેજરીવાલે આવકવેરા ખાતાનાં ઉચ્ચ પદેથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ સમાજસેવા ક્ષેત્રે ઝુકાવ્યું છે અને ખુદ કયારેક અણ્ણાના જમણા હાથ ગણાતા હોવા છતાં અણ્ણાની ઈચ્છા વિરૂધ્ધ રાજકારણમાં ઝંપલાવ્યું છે. વી.કે. સિંહ સ્વચ્છ પ્રતિભા ધરાવતા સૈન્ય વડા હતા. એમણે નિવૃત્તિકાળના અંતિમ તબક્કા દરમિયાન સરકાર સામે શિંગડાં ભરાવીને છેલ્લે અણ્ણાના સહયોગી તરીકે આંદોલનનું રણશિંગુ ફૂક્યું છે.

ભારતની પ્રજા જાહેર જીવનમાં વ્યાપક ગંદવાડ અને ભ્રષ્ટાચારથી ત્રાસી ગઈ છે. એ હવે લોકશાહીના ઓઠા હેઠળ ચાલતી લૂંટફાટ ચલાવી લેવાનાં મૂળમાં નથી. તેથી એના હૈયે ઢબૂરાયેલો અજંપાને વાચા આપતી કોઈ પણ ચળવળમાં એ આક્રોશપૂર્વક કુદી પડે છે. અણ્ણા હજારે અને બાબા રામદેવ જેવા આભાસી લોકનાયકોમાં એને આજની વસમી દુર્દશાનો ઉકેલ શોધી આપનાર તારણહાર દેખાયો, એથી એમનો પડ્યો બોલ ઝીલીને વિદેશમાં છુપાવાયેલાં દેશનાં કાળાં નાણાં પરત આણવા માટેની એમની દિવાસ્વપ્ન જેવી ઝુંબેશ એમના પોતાના શંકાસ્પદ નાણાકીય વહેવારોને કારણે ઠંડી પડી ગઈ છે. લોકપાલ મુદ્દે અણ્ણાના હનુમાનનો પાઠ ભજવનારા દેશનાં ખૂણે ખૂણે લોક આંદોલનનો જુવાળ ફેલાઈ ગયો હતો. કેજરીવાલને રચનાત્મક કાર્ય માટે મેગ્સેસે જેવો આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળ્યા પછી એ હવામાં ઊડતા થઈ ગયા અને અત્ર-તત્ર-સર્વત્ર એમની છિદ્રાન્વેષી નજરમાં ભ્રષ્ટાચાર જ ખદબદતો વરતાયો. એમણે અણ્ણા હજારેને જાણે બાન પકડી લીધી હોય એમ આખું અણ્ણા- આંદોલન કેજરીવાલની આંગળીના ઈશારે ચાલતું હોય એવી સ્થિતિ સર્જાઈ. એમણે અણ્ણા અને રામદેવ વચ્ચે પણ એક સલામત અંતર રહે, રામદેવ સામેના આક્ષેપોને કારણે અણ્ણાના આંદોલન પર વિપરીત અસર ન પડે બલકે રામદેવના સંઘ સાથેના ઉઘાડા સંબંધોને કારણે આંદોલન વગોવાય નહીં એવી વ્યૂહરચના પણ ઘડી. પોતે સૌથી વધારે શુદ્ધ હોવાની આત્મ પ્રતીતિ સાથે કેજરીવાલ રામદેવને કે અગાઉ અણ્ણા આંદોલનના સહયોગી તરીકે જોડાયેલા સ્વામી અગ્નિવેશ જેવા સાથીદારોને સ્વીકારી શકતા નહોતા. પરંતુ કોગ્રેંસ વિરોધી શક્તિઓને સાથે રાખવાની એક કવાયત પણ સમાંતર સ્તરે ચાલતી રહેતી હોઈ ગાડું ગબડતું રહ્યું. જનલોકપાલ મુદ્દે ભાજપના ખોળે બેસી ગયેલા કેજરીવાલને બહુ મોડું સમજાયું કે સંસદમાં કશુંક સંસદીય પ્રણાલી જેવું પણ હોય છે. ચૂંટાયેલા

### ચૂંટણીને ચોરે

- ડૉ. કેશુભાઈ દેસાઈ

સાંસદોના માધ્યમથી જ લોકપાલનો કાયદો બની શકે. આખરે કોકડું એ હદે ગૂંચવાતું ગયું કે કેજરીવાલ અને અણ્ણાનો લોકપાલ હવાઈ ગયો! કેજરીવાલે છેલ્લે રાજકારણનો રસ્તો પકડ્યો અને અણ્ણાની ટીમનું સુકાન એમના હાથમાંથી સરકી ગયું. કેજરીવાલની જગ્યા પૂરે એવા નવા હનુમાનની શોધ ચાલુ છે, દરમિયાન અણ્ણાને કેન્દ્ર સરકાર સામે શિંગડા ભરાવી નિવૃત્ત થયેલા સેનાધ્યક્ષ વી.કે. સિંહનો સથવારો મળતાં એમણે હવે આગામી ગાંધી નિવાર્ણ દિનથી દેશ આખામાં ઝંઝાવાતી આંદોલન આરંભવાની અને કોગ્રેંસની સામે ખુલ્લો પ્રચાર કરવાની જાહેરાત પણ કરી દીધી છે. અણ્ણા અને કેજરીવાલ બેઉને કોગ્રેંસના બોલકા મહાસચિવ દિગ્વિજસિહ રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ અને ભારતીય જનતા પાર્ટીના એજંડા મુજબ આંદોલન ચલાવતા ચળવળિયા ગણાવતા રહ્યા છે. કેટલેક અંશે આ આક્ષેપમાં તથ્ય પણ લાગે છે. પરંતુ છેલ્લે છેલ્લે કેજરીવાલે ભાજપને પણ કોગ્રેંસ જેવો ભ્રષ્ટાચારી પક્ષ ગણાવતાં ભાજપનો આ લાડકવાયો લડવૈયો હવે ભાજપની આંખમાંથી ઉતરી ગયો છે. ‘કમલ સંદેશ’ના નવા અંકમાં કેજરીવાલને વિદેશી સત્તાઓના હાથમાં રમી રહેલા ઍક્ટિવિસ્ટ ખેલ હોવાની દહેશત સેવતા ‘કમલ સંદેશએ ’ કાર એટલેથી ન અટકતાં એમને ‘બ્લેક મેલર’ કહી ઉતારી પાડે છે.

આ એ જ કેજરીવાલ છે જેના આંદોલન અને એજન્ડાને ભાજપના રાષ્ટ્રીય નેતાઓએ ખુલ્લો ટેકો જાહેર કર્યો હતો. બલકે ભાજપને એમ જ લાગવા માંડ્યું હતું કે અણ્ણાને ગજવે ઘાલી ફરતો આ જુવાનિયો કેન્દ્રમાં ભાજપના નેતૃત્વવાળી એનડીએ સરકારનું શાસન સ્થાપવામાં અગ્રદૂતની ભૂમિકા ભજવી શકશે. કેજરીવાલે જ્યારે ભાજપ અને કોગ્રેંસ બેઉને સરખા ભ્રષ્ટ ગણાવ્યા અને રોબર્ટ વાડરાની સાથોસાથ ભાજપ પ્રમુખ નીતિન ગડકરી વિરૂધ્ધ જમીન કૌભાંડ ખુલ્લું પાડ્યું ત્યારથી એ અળખામણા બની ગયા છે. હવે કોગ્રેંસની જેમ જ ભાજપ પણ એમને વિદેશી નાણાંનો ખેલ પાડનારા બ્લેકમેલર કહેવા લાગ્યો છે. રામદેવ સામે સો જેટલા કેસ ચાલે છે. નાણાંકીય ગેરરીતિઓમાં જેનો જોટો જડવો મુશ્કેલ એવા ભગવાધારી યોગગુરૂએ નરેન્દ્ર મોદીની ‘નમો ચેનલ’ માટે છ ઓબીવાન મોક લાવ્યા પછઈ જાતે ગુજરાતના વિવિધ વિસ્તારોમાં યોગશિબિરો ના બહાના હેઠળ ભાજપનો પ્રચાર શરૂ કરી દીધો છે. સાધુ સંતોએ જ કદાચ રામ જન્મભૂમિ મુદ્દે કોગ્રેંસી શાસનને ભોંયભેગું કરી કેન્દ્રમાં અને ગુજરાતમાં ભાજપનું શાસન સ્થાપવામાં સિંહફાળો આપ્યો હતો, પરંતુ અત્યારે ગુજરાતની ચૂંટણીમાં રામદેવબાબાને કેટલા ધર્મગુરુઓનો સહયોગ સાંપડશે એ તો આગામી દિવસોમાં ચૂંટણી પ્રચાર પરાકાષ્ઠાએ પહોંચશે ત્યારે જ સમજાશે.

ગુજરાતમાં હાલના સંજોગોમાં પરિવર્તન પાર્ટીની પડખે રહેલાં હિંદુત્વવાદી પરિબળો- વિશ્વહિંદુ પરિષદ, બજરંગ દળ અને સંઘના વરિષ્ઠ અગ્રણીઓની ભાજપ પ્રત્યેની નારાજગી જાણીતી છે.

અણ્ણા આંદોલનની નવી ધરી તરીકે ઉપસી રહેલા નિવૃત્ત જનરલ વી કે સિંહે તો વર્તમાન સંસદ બંધારણ પ્રમાણે નહીં ચાલતી હોવાનો આક્ષેપ કરી વહેલી તકે સંસદ વિખેરી નાખવાની હાકલ કરી છે. સંસદ વહેલી વિખેરાઈ જાય તો કોંગ્રેસની આગેવાની કરી છે. સંસદ વહેલી વિખેરાઈ જાય તો કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ-૨ સરકાર જાય અને નવી ચૂંટણીઓ વહેલી યોજાય તો કોંગ્રેસ વિરુદ્ધનાં વિરુદ્ધનાં વિવિધ કૌભાંડોને લોક સ્મૃતિમાં તાજાં રાખી ઈચ્છિત પરિણામો મેળવી શકાય, એવી ગણતરી સાથે આંદોલનનો નવો દોર શરૂ કરવા માગતા નવા લોકનાયકો અણ્ણા હજારે અને વી કે સિંહ શું નવી સરકારના મંત્રીઓ ભ્રષ્ટાચાર મુક્ત જ હશે એની ખાતરી આપી શકશે ? પરંતુ, ‘વિશફુલ થિંકિંગ’નો તો માણસ માત્રને મૂળભૂત અધિકાર છે !